ગાંધીનગર સમાચાર
તા. ૩-૨-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ભ્રષ્ટાચારમુક્ત ભારતની અહાલેક

આમ આદમી પાર્ટીના સ્થાપક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આગામી લોકસભાની ચૂંટણીમાં ભ્રષ્ટ રાજકારણીઓને એમનાં મતવિસ્તારોમાં જ હરાવવાની હાકલ કરી છે. સંસદીય લોકશાહીમાં છેલ્લાં ઘણાં વર્ષોથી છાપેલા કાટલાં જેવા નેતાઓ ચૂંટાતા રહ્યાં છે. શરૂ શરૂણાં સેવાભાવી લાગતા નેતાઓને સંસદસભ્યનું પદ એમના મોભા માટે જરૂરી લાગવા માંડે છે અને પછી તેઓ યેનકેન પ્રકારેણ ચૂંટણી જીતી લેવાની વેતરણમાં પડી જતા હોય છે. વારંવાર ચંટાઇ આવતા સંસદ સભ્યો પોતાના મતવિસ્તારની સેવા કરતાં અંગત કારકિર્દીનો વિશેષ ખ્યાલ રાખતા થઇ જતા હોય છે. એવા અનેક ઉદાહરણ આપી શકાય જે પ્રારંભિક તબક્કામાં સ્વચ્છ ઇમેજ ધરાવતા હોય અને પછી ધીરે ધીરે ગુરૂ અણ્ણા હજારે પોતે કોઇ રાજકારણી નથી, પરંતુ અદના લોકસેવક તરીકે એમણે પોતાના વતનમાં ખૂબ ઉમદા કાર્ય કરેલ છે. સરકારની વિવિધ કલ્યાણયોજનાઓનો અમલ કરાવી શકે એવા નેતાઓની આજે ભારે તાણ વરતાઇ રહી છે. મોટા ભાગનાં સાંસદો અને ધારાસભ્યોની નજર મંત્રીપદ મેળવવા ભણી રહ્યા કરે છે. વળી રાજકારણીની બદલાયેલી તાસીર જોતાં ચૂંટણી જીતવા માટે સામ, દામ, દંડ, ભેદના ચતુર્વિધ કારસા અજમાવવા પડે છે, જેમાં 'દામ' કહેતા નાણાં સૌથી મહત્ત્વનું ફેકટર બની રહેલ છે. મની અને મસલ પાવરનું જોર હવે કોઇથી અજાણ્યું નથી રહ્યું. ચૂંટણીમાં સજ્જન ઉમેદવારો તો દીવો લઇને શોધવા પણ જડે કેમ એ સવાલ છે. મોટા ભાગના રાજકીય પક્ષો જે - તે વિસ્તારમાં વગદાર જ્ઞાતી-સમાજના અને પ્રભાવશાળી 'દબંગ' ઉમેદવારો પર મહોર મારે છે. નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય મુંખ્યમંત્રીને પણ આવાં બળૂકા મુરતિયા શોધવા પડતા હોય ત્યાં બીજા પક્ષોની તો વાત જ કયાં કરવી? કોંગ્રેસ મૂળે રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા, ઘર બાળીને તીરથ કરવા નીકળેલા ગાંધીઘેલા કાર્યકરો અને લોકસોવકોની પાર્ટી હતી. ધીરે ધીરે એનું સ્વરૂપ બદલાયું હતું અને તે સત્તાલક્ષી રાજકારણઓનો અખાડો બની ગઇ જેમાં અંદર અંદર બાખડતાં જૂથો જ એકમેકની શક્તિની બાદબાકી કરતાં રહ્યાં. ગરીબોના નામે ચાલતા રાજકારણમાં પણ ખાટસવાદિયાઓએ ખીસાં જ ભર્યે રાખ્યાં, પરિણામે ઇન્દિરા ગાંધીનો 'ગરીબી હટાવો' નો નારો બોદો બનતો ગયો. ભ્રષ્ટાચાર કેટલો વ્યાપક બની ચૂક્યો છે એની કબૂલાત રાજીવ ગાંધીના નિખાલસ નિવેદનમાં વપરાત છે. એમણે કહ્યું હતું કે કેન્દ્રમાંથી મોકલાવેલો એક રૂપિયો ગ્રામ સ્તરે આવતાં પંદર પેસા થઇ જાય છે. આટલી ભારે ખાયકી આખરે કોના કારણે થાય છે? સરકારી અધિકારીઓ આટલી હદે ભ્રષ્ટ કઇ રીતે બની શકયા? મૂળમાં ખાટલે જ મોટી ખોડ છે. ચૂંટાયેલાં પ્રતિનિધિ જનપ્રતિનિધિઓ જ સરકાર બનાવે છે. પછી છેક વડાપ્રધાનથી લઇ ગામડાનાં સરપંચ સુધી આ ખાયકીનો દોર બેરોકટોક ચાલુ રહે છે.

તલાટીથી ચીફ સેક્રેટરી સુધીના સરકારી નોકરશાહીને પ્રજાનાં નાણાં લૂંટવાનો પરવાનો મળી જતો હોય ત્યાં ભ્રષ્ટાચારને રોકવાની કે નાથવાની વાત જ એક આકાશી કલ્પના સમી બની રહે. ભારત જેવા વિકાસોન્મુખ રાષ્ટ્રને સાવ જ ખોખલું બનાવી દેનાર આ ભ્રષ્ટાચારની ગંગોત્રી દિલ્હીમાં છે. જો ભ્રષ્ટ સાંસદોને ચૂંટણીમાં જ હરાવી દઇ શકાતા હોય તો સંસદમાં એમની ગેરહાજરીથી જરૂર નવી આશાનો સંચાર થઇ શકશે. કેજરીવાલે દિલ્હીની સત્તા ભ્રષ્ટાચારના મુદ્દે જ કબ્જે કરી છે. હવે તેઓ દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની અહાલેક જગાવી ભ્રષ્ટ સાંસદોને સંસદમાં પ્રવેશતા રોકવા માંગે છે. એમની પાસે સમય ઘણો ઓછો છે અને જે મહારથીઓનાં નામ આપીને એમણે આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય પરિષદમાં એમનો ઘડોલાડવો કરી દેવા હાકલ કરી છે, તે બધાની સરખામણીએ કેજરીવાલનું કદ-કાઠું પણ ઘણું નાનું છે. પરંતુ એક ઉચ્ચાભિલાષી યુવાન નેતા દેશમાંથી કચરો સાફ કરી નાખવા ઝાડુ લઇને નીકળી પડવાની વાત કરે તે પણ કોઇ હસી નાખવા જેવી બાબત નથી. ઝાઝી કીડીઓ સાપને તો - એ ન્યાયે દેશભરમાં યુવાનો કેજરીવાલની હાકલને માન આપી આ રાષ્ટ્રીય સફાઇ ઝુંબેશમાં ઝુકાવી દે તો ચમત્કારક પરિણામ મળી શકે. વિવિધ પ્રકાર પ્રલોભનો, ધર્મ-સંપ્રદાય અને જ્ઞાતિ-સમાજના નામે પ્રજાને ગેરમાર્ગે દોરીને એના ભ્રષ્ટ સ્વાર્થી તત્ત્વો સામે કેજરીવાલની આ ઝુંબેશ કદાચ પ્રતીકાત્મક નીવડે તો પણ એને સમર્થન આપવા જેવું છે. આખરે કયારેક તો લોકશાહીને ભ્રષ્ટ તત્ત્વોની નાગચૂડમાંથી મુક્ત કરવી જ રહી. તો પછી ૨૦૧૪ની આ વેંત છેટી ચૂંટણીથી જ શરૂઆત કેમ ન કરીએ? અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કદાચ નિષ્ફળ પણ જઇ શકે પરંતુ રાષ્ટ્રવ્યાપી 'સફાઇ ઝુંબેશ' ન સૂત્રપાત કરનાર યુવાન તરીકે એમને દેશ ઘણા લાબાં વખત સુધી યાદ કરશે.

વિવેકાનંદ એકેડમી દ્વારા શ્રી રાજુભાઈ પટેલ સંપાદિત બેઝિક જનરલ નોલેજ પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સર્વશ્રી કૃષ્ણકાન્ત જહા, કેસરીસિંહ વાઘેલા, અશોકભાઈ રાવલ, કિશોર સર તથા શિક્ષણપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માજી સૈનિકોનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨

ધી ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળનો વાર્ષિકોત્સવ તા. ૯ ફેબ્રુઆરી ડૉ. આંબેડકર ભવન સેકટર-૧૨, ગાંધીનગર ખાતે નિવૃત્ત બ્રિગેડીયર જે.પી. અંકલેસરીયાની અધ્યક્ષતામાં યોજવામાં આવશે.

કાર્યક્રમમાં પૂર્વ સૈનિકોને લગતા પ્રશ્નોની છણાવટ કરવામાં આવશે અને શહીદોની વિધવા પત્નિઓ અને દિવંગત પૂર્વ સૈનિકોનું સન્માન અને તેમના બાળકોને સન્માની ઈનામ આપવામાં આવશે. મુખ્ય મહેમાન પદે ગાંધીવગર કલેકટર, જિલ્લા પોલિસ અધિક્ષક ગાંધીનગર, નાયબ નિયામક સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી ઉપસ્થિત રહેશે તેમ બી.પી. પ્રજાપતિએ જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

સચિવાલયમાં તપાસ કરી આવો, નવી કોઇ યોજના બહાર પાડે છે કે નહીં, હું તો પ્રૌઢ શિક્ષણ બેટી બચાવો, ઊર્જા બચાવો વિગેરેમાં કામ કરી કરી બોર થઇ ગઇ છું...!!

ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધો. ૩ થી હવે, અંગ્રેજી ભણાવાશે

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો : આગામી વર્ષથી અમલીકરણ થશે

ગાંધીનગર, તા. ૨

પ્રાથમિક તબક્કાથી જ અંગ્રેજીમાં પાયો કાચો રહી જવાની ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની ફરીયાદ હવે નહી રહે...! આગામી વર્ષથી ધો. ૩ થી જ ગુજરાતી માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા ભણાવવાનું શરૂ કરવાનો નિર્ણય રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. આ નવતર સિસ્ટમનું અમલીકરણ આવતા વર્ષથી કરવામાં આવશે.

નેશનલ કક્ષાની મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગ્રેજી માધ્યમમાં લેવાય છે. ત્યાં આપણા ગુજરાતી માધ્યમમાં ભણીને તૈયાર થયેલા વિદ્યાર્થીઓ માર ખાઈ જતા હોય છે. આ પરીક્ષાઓ ઉપરાંત વિદેશ જવા માટે જરૂરી એવી IELTS (ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટીંગ સીસ્ટમ)ની પરીક્ષામાં પણ નબળું પરીણામ (ગ્રેડીંગ્સ) મળતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પાછા પડી જાય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રાજ્યના શિક્ષણ વિભાગમાં એક નવો સુધારો લાવવામાં આવ્યો છે. હવેથી ગુજરાતી માધ્યમમાં ધો. ૩ થી જ અંગ્રેજી ભાષા શીખવાડવાની શરૂઆત કરી દેવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજીમાં શરૂઆતથી જ કાચો પાયો રહેવાની ફરીયાદ રહેશે નહી. હાલના તબક્કે સામાન્ય રીતે ધો. ૫ થી અંગ્રેજી શીખવાડવાની શરૂઆત ગુજરાતી માધ્યમમાં કરાઈ રહી છે.

ગિરનારમાં સાતમી રાષ્ટ્રીય આરોહણ-અવરોહણ સ્પર્ધા

અમદાવાદ,તા. ૨

શિયાળાની વિદાય લેતી ઠંડી વચ્ચે આજે ગિરનારની સાતમી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ૧૨ રાજ્યોના ૪૩૩ સ્પર્ધકો વચ્ચે ટક્કર થઈ હતી. ગિરનારને આંબવા માટે રમતવીરો જોખમી સીડી ઉપર દિલધડક દોટ મૂકીને છલાંગોલગાવીહતી. ગિરનારની રાષ્ટ્રીય કક્ષાની આરોહણ- અવરોહણ સ્પર્ધા આજે સવારે ૭.૦૦ વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી જેમાં ભાઈઓના વિભાગની ટુકડીઓ અને પછી બહેનોના વિભાગની જુદી જુદી ટુકડીઓ ગિરનારને આંબવા દોટ મુકી હતી. ભાઈઓ માટે ૫૦૦૦ પગથિયા અને બહેનો માટે ૨૨૦૦ પગથિયા ચડીને ઉતરી જવાની આ સ્પર્ધામાં ૧૨ રાજ્યોમાંથી ૪૩૩ સ્પર્ધકો જોડાયા હતા. આ સ્પર્ધામાં દિલ્હીના ૧૦ સ્પર્ધકોને પણ સમાવી લેવામાં આવ્યા હતા. સૌથી વધારે રાજસ્થાનના ૧૬૭ સ્પર્ધકો સ્પર્ધામાં જોડાયા હતા. ગુજરાતમાંથી ૧૦૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આમ ભાગ લેનાર તમામ સ્પર્ધકો સાંજે ભવનાથ તળેટીમાં આવી પહોંચ્યા હતા જ્યાં સ્પર્ધકોને નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ગિરનાર સ્પર્ધા દ્વારા યુવાનોમાં આત્મવિશ્વાસનો વધારો થાય છે. તેમજ યુવાનોના ઝોમ જુસ્સો અને હિમ્મત તેમજ ટાઈમીંગની પૂરે પૂરી કસોટી પણ થઈ જાય છે. આ સ્પર્ધામાં ગુજરાત, રાજસ્થાન,હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, આસામ, દિલ્હી દિવ સહિત રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશના ૪૨ ઉપી વધુ સ્પર્ધકો ભાગ લેવા પહોંચ્યા હતા.

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલનો આવતીકાલે સેમિનાર યોજાશે

પેરેન્ટ સેમિનારમાં વાલીઓને શાળાની કાર્ય પદ્ધતિ અંગે માહીતગાર કરાશે

વાલીઓને શાળાની કાર્ય પદ્ધતિ તેમજ ભવિષ્યના આયોજન અંગે માહિતી પુરી પાડવા પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તા. ૪ ફેબ્રુઆરીના રોજ હોટલ હવેલી ખાતે સાંજે ૬ કલાકે પેરેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સેમિનારમા ડો. પવન પોદાર, ચેરમેન પોદાર એજ્યુકેશન નેટવર્ક, શ્રી નારાયનન, આચાર્ય, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અમદાવાદ, સોનિયા ખત્રી, આચાર્યા, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગર, મેહુલ પારેખ, જનરલ મેનેજર, ગુજરાત, વિશાલ શાહ, બ્રાંડ મેનેજર, પોદાર એજ્યુકેશન નેટવર્ક અને શ્રી ઈયાન ઉશેર, અંગ્રેજી ભાષા નિષ્ણાત યુ.કે. પોદાર એજ્યુકેશન નેટવર્કહાજરી આપી પોતાના વક્તવ્ય આપશે. વક્તવ્ય તથા પ્રેઝન્ટેશન દ્વારા વાલીઓને સંસ્થાના વિકાસ, પ્રગતિ તથા ભવિષ્યના આયોજન માહીતી આપવામાં આવશે. સેમિનારના અંત ચરણમાં મેનેજમેન્ટ વાલીઓના નોટ કાર્ડ પર લખેલા પ્રશ્નોના ઉત્તર આપશે. સેમિનારનોહેતુવાલીઓને પ્રોત્સાહિત કરવાનો છે જેથી તેમના બાળકનુંભાવિ વધુ સુદૃઢ બનાવવા યોગ્ય પસંદગી કરવામાં મદદ મળે. પ્રવેશ નિઃશુલ્ક રહેશે પરંતુ મર્યાદિત જગ્યા તથા વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. રજીસ્ટ્રેશન-વધુ માહિતી માટે ૭૫૬૭૫૦૦૦૪૪ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

બેવડી ઋતુનો અહેસાસ કરતા ગાંધીનગરના નાગરિકો

હજુ એક વાર ઠંડી મિજાજ બતાવી શકે છે

ગાંધીનગર, તા.૨

શહેરમાં છેલ્લા સપ્તાહથી ડબલ ઋતુનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. અઠવાડિયાથી શહેરીજનો સવારે ઠંડી અને બપોરે ગરમી અને મોડી રાત્રે ફુલ ગુલાબી હવાનો અહેસાસ કરી રહ્યા છે.

સામાન્ય રીતે ઉત્તરાયણ પછી ઠંડીનું પ્રમાણ ઘટવા લાગે છે અને ગરમીનું પ્રમાણ વધવા લાગે છે ત્યારે ચાલુ માસ દરમિયાન સવારે ઠંડી, બપોરે ગરમી અને મોડી સાંજે પાછી ફુલ ગુલાબી ઠંડીથી નગરજનો પણ વિમાસણમાં મુકાયા છે કે ગરમ વસ્ત્રોને ટ્રંકમાં મુકવા કે બહાર રાખવા.

શહેરમાં આ વર્ષે ઠંડીએ તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. અને કડકડતી ઠંડીનો અહેસાસ નગરજનોને થઈ જવા પામ્યો છે ત્યારે હવામાન ખાતાની આગાહી મુજબ હજુ પણ ઠંડીનો એક તબક્કો આવશે અને લઘુત્તમ પારો ૧૦ ડીગ્રી સુધી જઈ શકે છે.

આજ રોજ શહેરમાં લઘુતમ તાપમાન ૩૦.૨ અને મહત્તમ ૧૬.૦ નોંધાવા પામ્યું છે. જયારે સવારે ભેજનું પ્રમાણ ૬૬ ટકા અને સાંજે ૪૬ ટકા નોંધાયું છે ત્યારે આ આંકડા જ જવાબ આપે છે કે શહેરીજનો ડબલ ઋતુનો અનુભવ કરી રહ્યા છે.

બપોરના સમયે ગરમીનો અહેસાસ થતા છેલ્લા બે મહિનાથી બંધ રહેલા પંખા, એ.સી., વોટર કુલર ને ચાલુ કરવાની ફરજ પડી રહી છે તેમજ સામાન્ય રીતે શિયાળામાં બપોરના સમયે પણ પબ્લિકની અવર જવર ચાલુ હોય છે તેમાં પણ અંશતઃ ઘટાડો જોવા મળી રહ્યો છે.

લગ્નસરાની સિઝન ચાલુ થઈ ગઈ છે. શહેરમાં ખાનગી પ્લોટમાં, પાર્ટી પ્લોટોમાં ધામધૂમ પૂર્વક લગ્નો થઈ રહ્યા છે ત્યારે જાનૈયાઓ પણ જમ્યા પછી આરામ ફરમાવતા નજરે ચઢતા હોય છે.

ઠંડીનો પ્રારંભ આ વર્ષે વહેલો થયો હતો પરંતુ ચાર-પાંચ દિવસ ઠંડી હાઉ કરીને સંતાઈ ગઈ હતી ત્યારબાદ ડિસેમ્બર મહિનામાં પોતાનો અસલ મિજાજ બતાવ્યો હતો અને ઠંડી ૬ ડીગ્રીની નીચે પહોંચી ગઈ હતી ત્યારે હજુ પણ નગરજનો ડબલ ઋતુનો અહેસાસ અનુભવી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીમાં લાખો રૂપિયાના સ્પોર્ટસ સાધનો સ્ટોર રૂમમાં કેદ

ગુજરાત યુનિવર્સિટીમાં કેમ્પસ પર લાખો રૂપિયાના ખર્ચે મહાકાય વિશાળ મેદાનો, સ્ટેડિયમ, જીમ્નેશિયમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. પરંતુ ખાટલે મોટી કોટ એવી છે કે શારીરિક શિક્ષણ વિભાગમાં માત્ર એક જ કાયમી કર્મચારી હોવાના લીધે રમતગમતની પ્રવૃત્તિઓ બંધ થતી જાય છે. યુનિવર્સિટી કેમ્પસ પર રમતગમતની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે લાખો રૂપિયાના સાધનો ખરીદવામાં આવે છે પરંતુ તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાના બદલે સ્ટોર રૂમમાં સડી રહ્યા છે જેની કોઈને ચિંતા ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગુજરાત યુનિવર્સિટીમાં એક સમયે શારીરિક શિક્ષણ વિભાગની કામગીરી ધમધમતી હતી. એક દાયકા અગાઉ યુનિવર્સિટીએ દરેક કોલેજોને વિદ્યાર્થી કલ્યાણનિધિમાંથી રમતગમતના સાધનોની કીટ આપવાનો નિર્ણય લીધો હતો. કોલેજોને સંગીતના સાધનો જોઈતા હોય રૂપિયા ૧૦ હજારની મર્યાદામાં આ સાધનો આપવાનું ઠરાવવામાં આવ્યુ હતુ. સાધનો ખરીદ્યા પછી અમુક કોલેજોમાં અપાયા બાકીના સાધનો યુનિવર્સિટી કેમ્પસ પર આવેલા સ્પોર્ટ્સના સ્ટોર રૂમમાં ધૂળ ખાઈ રહ્યા છે.

આપણાં ગુજરાત રાજયનાં કમિશનર મહિલા અને બાલ વિકાસ કચેરી અંતર્ગત દરેક જિલ્લામાં દરેક તાલુકામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૨૯
ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ઉલ્લેખ કરેલ કે ૨૪ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી બાલીકા સપ્તાહ ઉજવાય રહ્યુ છે અને એ સંદર્ભે બાલીકાઓને કાયદાકીય રક્ષમની કેવા સંજોગોમાં જરૂર ઉપસ્થિત થાય ? એવો પણ પ્રશ્ન ઉદ્‌ભવે કે બાળીકા અથવા તો કીશોરી, એ ઉંમરની સ્ત્રીઓને જો કોઇ કાયેસરનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો કાયદો કઇ રીતે મદદરૂપ થઇ શકે?

ગત્ અંકમાં એવી જ એક બાલિકા નેહાની આપણે વાત કરી રહ્યાં હતા. ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની જયારે ચર્ચા કરી રહ્યાં છીએ ત્યારે આ કાયદા અંતર્ગત રક્ષણ અધિકારી બાલીકાને મદદરૂપ થઇ શકે? નેહાના કેસમાં આપણે જોયું કે નેહા પણ બાલીકામાંથી કિશોર બનતા સુધારણા ગૃહમમાંથી માતાપિતા સાથે પરત આવે છે. નેહા માતાપિતાની સમજાવટથી અને સમાજ સુરક્ષા અધિકારીના મધ્યસ્થીથી પોતાના સ્વગૃહે પરત પહોંચે છે.

નેહા ઘરે આવ્યા બાદ બે-પાંચ દિવસ પસાર થાય છે અને અચાનક નેહા ઘર છોડી દેવાનો વિચાર કરે છે. નેહાને ફરીથી ઘર છોડી દેવાનું કારણ શું ? નેહાના માતાપિતા નેહાને ખૂબ મોટી ઉંમરની એક વ્યક્તિ સાથે નેહાની ઇચ્છા વિરૂદ્ધ પરણાવી દેવા માંગે છે. નેહાને આ વાત મંજૂર નથી. નેહા માતાપિતા નેહાને ખૂબ મોટી ઉંમરની એક વ્યક્તિ સાથે નેહાની ઇચ્છા વિરૂદ્ધ પરણાવી દેવા માંગે છે. નેહાને આ વાત મંજૂર નથી. નેતા ઘર છોડીને પોતાની માસી સવિતાબેનના ઘરે પહોંચી જાય છે. આપણે જોયું કે સવિતાબેનને પહેલા તો નેહાને આશ્રય આપવામાં ભય અને સંકોચની લાગણી ઊભી થાય છે પરંતુ તેના પતિ સહકાર આપવા તૈયાર થાય છે. નેહાને ફરીથી સુધારણા ગૃહમાં મુકવાનું નક્કી થાય છે.

સામાજિક સુધારણા ગૃહના સંચાલિકા બહેન નેહાને સ્વીકાર કરવાની ચોખ્ખી ના પાડી દે છે. નેહાની અગાઉની વર્તણૂકથી તેઓ થાકી ગયા છે તેમ જણાવે છે. નેતાને કોઇ પણ સંજોગોમાં રાખવાની ના પાડી દે છે. કાયદાનો પ્રશ્ન અહીંથી ઊભો થાય છે.

આપણે અગાઉ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ -૬ની ચર્ચા કરેલ છે. જેમાં સ્પષ્ટ રીતે દર્શાવિલમાં આવેલ છે કે ઘરગથ્થું હિંસાથી વ્યથીત મહિલાને આશ્રય સ્થાને પુરૂ પાડવું જોઇએ. આપણે એ પણ જોયું કે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ-૮ અંતર્ગત રક્ષણ અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે અને સાથે સાથે કલમ-૯ અંતર્ગત રક્ષણ અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે પણ સાથે સાથે કલમ-૯ માં રક્ષણ અધિકારીની ફરજો અને કાર્યો દર્શાવવામાં આવેલ છે. આપણે કલમ-૬, કલમ-૮ અને કલમ-૯ની વિગતવાર ચર્ચા અગાઉના અંકોમાં કરી છે અને તેથી અત્રે ઉલ્લેખ કરું છું કે રક્ષણ અધિકારીની પ્રાથમિક ફરજમાં હિંસાનો ભોગ બનેલ સ્ત્રીને રક્ષણ પુરૂં પાડવા સંદર્ભે કાયદેસરની જોગવાઇ છે. આમ હોવા છતાં આશ્રય સ્થાનના સંચાલિકા આશ્રય આપવાની ના પાડે તો રક્ષણ અધિકારી શું પગલા લઇ શકે? કાયદામાં લખેલી જોગવાઇઓ આમસમાજ જાણતો ન હોય તેને કાનૂની સમસ્યા ઉપસ્થિત થાય છે. નેહાના કેસમાં સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિએ રક્ષણ અધિકારીએ જણાવ્યું છે કે આશ્રય સ્થાન તો સ્વીકૃતી ન આપે તો નેહાની સલામતી અંગેના પગલાં રક્ષણ અધિકારી કઇ રીતે લઇ શકશે? જયારે કોઇ એક સ્ત્રીએ બાળકી હોય, કિશોર હોય કે પુખ્ય ઉંમરની હોય, તેણી જયારે વિચિત્ર સંજોગોમાં મુકાય જાય છે ત્યારે પ્રથમ તો તેના જાનમાલની સલામતી અંગે વિચારવું પડે છે. નેહાના કેસમાં સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ અને આશ્રય ગૃહનાં સંચાલિકા સાથે ખૂબ દલીલ પણ થાય છે. હવે પ્રશ્ન એવો થાય કે સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ રક્ષણ અધિકારીને નેહાને મદદરૂપ થવાં કાયદેસર ફરજ પાડી શકે?

ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ-૧૦ માં 'સેવા પુરી પાડનારાઓ' (સર્વીસ પ્રોવાઇડર) સંદર્ભે જોગવાઇ કરવામાં આવેલી છે. જે સંસ્થાઓ સમાજ કલ્યાણ બોર્ડ અંતર્ગતના કુટુંબ સલાહ કેન્દ્ર ચલાવતા હોય તેમાં કાઉન્સીલરોને સર્વીસ પ્રવાઇડરનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આપણાં ગુજરાત રાજયનાં કમિશ્નર મહિલા અને બાલ વિકાસ કચેરી અંતર્ગત દરેક જિલ્લામાં દરેક તાલુકામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કેન્દ્ર સંચાલિકા તથા કાઉન્સીલરોને પણ સર્વિસ પ્રોવાઇડરનો દરજ્જો આપવામાં આવેલ છે અને તેથી આ પ્રકારના કેન્દ્રોમાં કાર્યરત કાઉન્સીલરો એ કાયદેસર રીતે રક્ષણ અધિકારી પાસે કેસ લઇને જઇ શકે છે.

ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ-૧૦ની જોગવાઇ જોઇએ તો,

કલમ-૧૦ : સેવા પુરી પાડનારાઓ

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે સોસાયટી રજીસ્ટ્રેસન એક્ટ, ૧૮૬૦ નીચે નોંધાયેલી હોય તેમજ કંપની એક્ટ, ૧૯૫૬ નીચે નોંધાયેલી હોય તેમજ એવી કોઇ પણ સંસ્થા એવા કાયદા નીચે સ્થપાઇ હોય કે જે સ્ત્રીઓના હક્ક, હીત માટે થોડા સમય પુરતો અમલમાં આવ્યો હોય એવી સંસ્થા કે જે કાનૂની સહાય, તબીબી, નાણાકીય અને બીજી અનેક પ્રકારની સહાય પુરી પાડતું હોય છે તેવી સંસ્થા આ કાયદા અંતર્ગત રાજય સરકાર પાસે સેવા પુરી પાડનાર કેન્દ્ર તરીકે નોંધણી કરાવી શકે.

(૨) આવા નોંધાયેલ સેવા પુરી પાડનારી સંસ્થાઓને નીચે મુજબ સત્તાઓ રહેશે.

(એ) ઘરેલું હિંસાના બનાવનો નિયમ ફોર્મમાં રેકોર્ડ રાખવો કે જેની જયાં ઘરેલું હિંસા બની હોય તેમાં હકુમતમાં આવતા પોલીસ સ્ટેશન તેમજ મેજીસ્ટ્રેટને એ કોપી આપવી.

(બી) ભોગ બનનાર સ્ત્રીની વૈદકીય તપાસ કરાવવી અને તે અંગેનો તબીબી રીપોર્ટ એ જયાં ઘરેલું હિંસા બની હોય તે વિસ્તાર જેની હકુમતમાં આવતા હોય એવા પોલીસ સ્ટેશન તેમજ રક્ષણ અધિકારીને તે રીપોર્ટની એક નકલ આપવી.

(સી) ભોગ બનનાર વ્યક્તિને આશ્રય સ્થાન ઉપલબ્ધ થયું છે કે કેમ તેની તપાસ/ખાતરી કરવી તેમજ તેના આશ્રયસ્થાનમાં રહેણાંકનો રીપોર્ટ નકલ જયાં કરેલું હિંસા બની હોય તેની હકુમતમાં આવતાં પોલીસ સ્ટેશનમાં મોકલવી.

(૩) ઘરેલું હિંસા અટકાવવી માટે ઘડાયેલાં આ કાયદા અંતર્ગત અધિકૃત એવી સેવા પુરી પાડનારી સંસ્થાઓ કે તેના સભ્યો. આ કાયદાના હેતુને બર લાવવા કાર્ય કરતા હોય અથવા કાર્ય કરતાં હોય એવું લાગતું હોય તો સત્તાને આધીન કરવામાં આવતા શુભનિષ્ઠાયુક્ત કૃત્યોનું આ કાયદા દ્વારા રક્ષણ કરવામાં આવશે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કે દાવો કરી શકશે નહીં.

સર્વીસ પ્રોવાઇડર એટલે કે સેવા પુરી પાડનાર રક્ષણ અધિકારીને કાયદો સમજાવી શક્યા ? આ કાયદા અંતર્ગત અદાલતમાં કાર્યવાહી કઇ રીતે થાય છે? ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ-૧૦ ના વિવરણ સાથે મળીને આવતે અંકે...